**ખુબજ અગત્યનુ/સમય મર્યાદામાં**

ક્રમાંક:માધ્ય/પેન-૧/ઈજાફો/૨૦૨૫/7159-92
નિયામક શાળાઓની કચેરી,
વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
પુનીતવનની સામે,
ગાંધીનગર, ગુજરાત.
તા.૧૦/૦૭/૨૦૨૫.

**પ્રતિ,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **તમામ.**

**વિષય :** ૩૦ જુનના રોજ નિવૃત થયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓના કિસ્સામાં ૦૧ ઈજાફો આકારી તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઈઝ કરવા બાબત.

**સંદર્ભ :** (૧) અત્રેની કચેરીના તા.૧૦/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક: માધ્ય/પેન-૧/૩૦ જુન/૨૦૨૫/૫૮૦૬-૩૯.
(૨) અત્રેની કચેરીના તા.૧૨/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક: માધ્ય/પેન-૧/૩૦ જુન/૨૦૨૫/૫૯૭૯/૬૦૧૨.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીના સંદર્ભ-૧ના પત્રથી ૩૦ જુનના રોજ નિવૃત થયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનું તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઈઝ કર્યાની માહિતી મંગાવેલ હતી. જે અન્વયે જિલ્લા દ્વારા મોકલાવેલ માહિતીની ચકાસણી કરતા ઘણા કેસો જિલ્લા/શાળા કક્ષાએ પડતર હોય તેવુ ધ્યાને આવતા અત્રેની કચેરીના સંદર્ભ-૨ના પત્રથી જે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ૩૦ જુનના રોજ નિવૃત્ત થયેલ હોય અને ૦૧ ઈજાફો મળવાપાત્ર હોય તેવા તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને ૦૧ ઈજાફો આકારી તા.૦૧/૦૫/૨૦૨૩ થી પેન્શન રીવાઈઝ કરવા માટેની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા જણાવવામાં આવેલ હતુ.

અત્રેની કચેરીના સંદર્ભ-૧ના પત્ર અનુસંધાને જિલ્લાઓ દ્વારા મોકલાવેલ માહિતી પૈકી તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઈઝ કરવાનું બાકી હોય તેવા પેન્શનરની માહિતી દર્શાવતી ગુગલ શીટની લીંક નીચે દર્શાવેલ છે. જેમાં તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઈઝ કર્યાની વિગતો તા.૧૪/૦૭/૨૦૨૫, ૧૭:૦૦ કલાક સુધીમાં ભરવા તેમજ જે કેસોમાં તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઈઝ કરવાની દરખાસ્ત પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકશ્રીની કચેરીને મોકલવાની બાકી હોય તેવી દરખાસ્તો તા.૧૭/૦૭/૨૦૨૫ સુધીમાં પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકશ્રીની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

તા.૧૭/૦૭/૨૦૨૫ સુધીમાં આ સાથે સામેલ મુજબનું પ્રમાણપત્ર ssmadhyamikpen1@gamil.com ઈ-મેઈલ આડી પર બીનચુક મોકલી આપવાનું રહેશે. વધુમાં સમયમર્યાદામાં ઇજાફો આકારી તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઇઝ કરવાની કાર્યવાહી ન થવાના કારણે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે જેની નોંધ લેવી.

HTTPS://DOCS.GOOGLE.COM/SPREADSHEETS/D/1KDM19YXNL9KDXMFAU3S606MQGI8JLA97S5KFTYBBL0W/EDIT?USP=SHARING

**બિડાણ:** ઉપર મુજબ.

**નાયબ શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા., ગાંધીનગર**

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેના જિલ્લાની બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓ પૈકી ૩૦ જુનના રોજ નિવૃત્ત થયેલ હોય અને ૦૧ ઇજાફો મળવાપાત્ર હોય તેવા તમામ કર્મચારીઓનો ૦૧ ઇજાફો આકારી તા.૦૧/૦૫/૨૦૨૩થી પેન્શન રીવાઈઝ કરવાની દરખાસ્ત પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે મોકલાવી આપેલ છે. આવી કોઈ દરખાસ્ત શાળા/જિલ્લા કક્ષાએ પડતર નથી. જેની પૂરતી ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તા.     /     /૨૦૨૫

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો સહિ અને સિક્કો